
# રાજપરામાં ખોડિયાર જયંતીની ભવ્ય ઉજવણી: માતાજીના પ્રાગટ્ય દિવસને વધાવવા વહેલી સવારથી જ ભાવિક ભક્તો ઉમટી પડયા

**માં ખોડલને સુવર્ણ અલંકારો અને રેશમી વસ્ત્રોથી દિવ્ય શણગાર કરાયો, વિવિધ પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓનો 'છપ્પન ભોગ' ધરાવાયો ; વિશ્વ શાંતિ અને જનકલ્યાણ અર્થે વિશેષ યજ્ઞ કરાયો**







તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૭

ભાવનગરના પ્રસિદ્ધ અને ઐતિહાસિક રાજપરા ખોડિયાર ધામ ખાતે ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. આદ્યશક્તિ માં ખોડિયારના પ્રાગટ્ય દિવસને વધાવવા હજારો માઈભક્તો ઉમટી પડ્યા હતા. રાજપરામાં પરંપરાગત પૂજન-અર્ચન અને મહાપ્રસાદનું આયોજન થયું હતું. સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન ભાવનગર પાસેના રાજપરા ખોડિયાર મંદિર ખાતે આજે મહા સુદ આઠમ એટલે કે 'ખોડિયાર જયંતી'ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી . માતાજીના જન્મોત્સવને વધાવવા માટે વહેલી સવારથી જ ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારે ભવ્ય મંગળા આરતી કરવામાં આવી હતી, આ અવસરે માં ખોડલને સુવર્ણ અલંકારો અને રેશમી વસ્ત્રોથી દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. જે જોઈ ભક્તો અભિભૂત થયા હતા, માતાજીને વિવિધ પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓનો 'છપ્પન ભોગ' ધરાવવામાં આવ્યો હતો. આ અન્નકૂટના દર્શન કરવા માટે ભક્તોની કતારો જોવા મળી હતી.તેમજ મંદિર પરિસરમાં વિશ્વ શાંતિ અને જનકલ્યાણ અર્થે વિશેષ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક યજમાન પરિવારોએ આહુતિ આપી હતી. ખોડિયાર જયંતીના પાવન અવસરે મંદિરે આવતા તમામ શ્રદ્ધાળુઓ માટે વિશેષ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજપરા મંદિરના ટ્રસ્ટ દ્વારા ભક્તો માટે દર્શન માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી હતી. 'જય ખોડલ'ના નાદથી સમગ્ર રાજપરા પંથક ગુંજી ઉઠ્યું હતું.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સથી નવનિયુક્ત ઉમેદવારોને સંબોધન કર્યું**

## યુવા શક્તિ આત્મનિર્ભર ભારતની સૌથી મોટી તાકાત છે : મંત્રી નિમુબેન બાંભણિયા

**ગાંધીનગર BSF કેમ્પસ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રીય રાજ્યમંત્રીએ ૨૪૨ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કર્યા**




ભાવનગર,તા.૨૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગાંધીનગર સહિત દેશભરના ૪૫ સ્થળોએ યોજાયેલા રોજગાર મેળામાં ભારત સરકારના વિવિધ વિભાગોમાં નવી નિમણૂક મેળવનાર ૬૧,૦૦૦થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે પ્રધાનમંત્રીએ વિશેષ વીડિયો સંદેશ મારફતે નવનિયુક્ત ઉમેદવારોને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગર મ્જીહ્લ કેમ્પસ ખાતે આયોજિત ૧૮મા રોજગાર મેળામાં ભારત સરકારના માનનીય રાજ્ય મંત્રી, ઉપભોક્તા બાબત, ખાદ્ય અને જાહેર વિતરણ નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં પસંદગી પામેલા ૨૪૨ થી વધુ યુવાનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે બાંભણિયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આજે દેશભરમાં યુવાનોને સરકારી નોકરીના નિમણૂક પત્રો આપવામાં આવી રહ્યા છે. તેમાં ગાંધીનગર કેન્દ્ર પરથી આશરે ૨૪૨ થી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા, જેમાં ૩૪ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.તેમણે વધુમાં જણાવ્યું કે, આજે નિમણૂક પત્ર મેળવનારા યુવાનો માટે તેમજ તેમના પરિવારજનો માટે આ ગૌરવ અને ઐતિહાસિક ક્ષણ છે. આ નિમણૂક પત્રો યુવાનોના પરિશ્રમ, તેમજ તેમના પરિવારના આશીર્વાદ અને દેશના વિકાસમાં તેમની ભાગીદારીનો પુરાવો છે.તેમણે ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑક્ટોબર ૨૦૨૨માં રોજગાર મેળાની શરૂઆત કરી હતી અને ૧૦ લાખ યુવાનોને સરકારી સેવા સાથે જોડવાનો સંકલ્પ લીધો હતો. આજે ગર્વ સાથે કહી શકાય કે, અત્યાર સુધી ૧૭ રોજગાર મેળાઓ દ્વારા દેશભરમાં ૧૧ લાખથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે, જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

## ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી



ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિવસના રાષ્ટ્રીય પર્વની ઉજવણી મથુરિયા ભાણજી અબજી, પ્રાથમિક શાળા નં.-૧૯,દિપક ચોક, ભાવનગર ખાતે કરાઇ હતી. આ પ્રસંગે મેયર ભરતભાઈ બારડના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં નાયબ કમિશનર જયકુમાર રાવલ દ્વારા મેયરનું સ્વાગત કરી ધ્વજવંદન માટે ધ્વજદંડ સુધી પ્રોટોકોલ મુજબ લઈ જવાયા હતા. મેયર દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવાયો ત્યારે ગણવેશ પહેરેલા જવાનો/કેડેટ્સ દ્વારા સલામી અપાઈ હતી.આ પ્રસંગે મેયર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વિશિષ્ટ સેવા બદલ સન્માન, વૃક્ષારોપણ / રોપા વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સ્ટે. કમિટીના ચેરમેન રાજેશભાઈ રાબડીયા, નાયબ કમિશનર જયકુમાર રાવલ, શાસક પક્ષના નેતા કિશોરભાઈ ગુરુમુખાણી, વિપક્ષ નેતા જીતુભાઈ સોલંકી, પૂર્વ મેયર, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન, કોર્પોરેટરો તથા સમાજના ગણમાન્ય આગેવાનો અને નાગરિકોની ઉપસ્થિતિ રહી હતી.





તસવીર : ધવલ વાજા

## IMA ભાવનગર દ્વારા યોજાયો રક્તદાન કેમ્પ



સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે આઈ.એમ.એ. ભાવનગર અને એબીવીપી, ભાવનગર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ, જેમાં ડીન ડો. ચિન્મય શાહ અને સ્વામી વિવેકાનંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજના ડાયરેક્ટર ડો. ગિરીશભાઈ પટેલે રક્તદાન કરી કેમ્પનું ઉદ્ઘાટન કરેલ. આ પ્રસંગે ભાવનગર મેડિકલ એસોસીશનના ચેરમેન ડો. એમ.આર.કાનાણી, સેક્રેટરી ડો.એન.પી.કુહાડીયા, આઈએમએ.ભાવનગરના સેક્રેટરી ડો. સેજલબેન ચૌહાણ, ટ્રેઝરર ડો. દેવાંગ પવાર, એ.બી.વી.પી. ગુજરાત શાખાના પ્રેસિડેન્ટ ડો. રાજન દેસાઈ અને બ્લડ બેન્ક, સર ટી. હોસ્પિટલ ભાવનગરના વડા ડો. પ્રજ્ઞેશભાઈ શાહ ઉપસ્થિત રહેલ.

## સ્મોલ વંડર્સ એસ.એસ.પી. એસ સ્કૂલ દ્વારા યોજાયો ખેલાથોન

**બે વર્ષથી લઈને પાંચ વર્ષ સુધીના ૨૦૦થી વધારે બાળકોએ વિવિધ રેસમાં ઉત્સાહભેર ભાગ લીધો**

ભાવનગર,તા.૨૭

ભાવનગર ખાતે આવેલ સ્મોલ વંડર્સ એસ.એસ.પી. એસ સ્કૂલ દ્વારા તારીખ. ૨૬/૦૧/૨૦૨ના રોજ ખેલાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેલાથોનની શરૂઆત બાળકો અને તેમના શિક્ષકોએ મશાલ લાઈટિંગ લઈને કરી હતી. જેમાં બે વર્ષથી લઈને પાંચ વર્ષ સુધીના ૨૦૦થી વધારે બાળકો માટે અલગ અલગ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક વ્યક્તિગત રેસ રમી આનંદ માણ્યો હતો. બાળકો દ્વારા બોલ ડ્રીલ અને યોગા ડાન્સ કરવામાં આવ્યો હતો. રેસમાં ભાગ લેનાર બધા જ બાળકોને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. અંતમાં શિક્ષકો તેમના નાના ભૂલકા અને વાલીઓ દ્વારા રાષ્ટ્રીય ગીતનું ગાન કરવામાં આવ્યું હતું.



## ગારિયાધાર ખાતે તાલુકા યોગ શિબિર યોજાઈ

**નાગરિકોએ શિબિરમાં ભાગ લઈ યોગ, પ્રાણાયામ અને ધ્યાન વિશે માહિતી મેળવી**

ભાવનગર,તા.૨૭

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માર્ગદર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત આજરોજ ગારિયાધાર ખાતે તાલુકા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૧૧૨ જેટલા નાગરિકોએ યોગ શિબિરમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કોઓર્ડિનેટર વાલજીભાઈ ડાભી તેમજ જિલ્લા કોઓર્ડિનેટર વિશાલભાઈ ડાભીએ યોગ, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા તન અને મનનાં સ્વાસ્થ્યના મહત્વ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશપાલજીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં તાલુકા કક્ષાએ યોગ શિબિરો યોજાઈ રહી છે. આ પહેલનો ઉદ્દેશ્ય લોકોને યોગ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે.શિબિરનું આયોજન યોગ કોચ ભદ્રેશભાઈ, મયંકભાઈ તેમજ અન્ય ટ્રેનર દ્વારા કરવામાં આવ્યું હતું.

**પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ**

**સરફેસ વ્હીલ લેથનું સમારકામ અને CAMC**

ઈ-ટેન્ડર નંબરઃ BVPW-2025-26-SWL-35 કામનું નામઃ ભાવનગર વર્કશોપ ખાતે કામના અવકાશ મુજબ ૨ વર્ષ માટે સરફેસ વ્હીલ લેથનું સમારકામ અને CAMC. કામની અંદાજિત કિંમતઃ ૧,૭૦,૨૦,૫૫૫.૯૯/- બિડ સુરક્ષાઃ ૨,૩૫,૧૦૦/- કામ પૂર્ણ કરવાનો સમયગાળોઃ LOA જારી કર્યાની તારીખથી ૩૯ મહિના ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ ૧૪/૦૨/૨૦૨૬, ૧૦:૩૦ કલાક ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૪/૦૨/૨૦૨૬, ૧૧:૦૦ કલાક. વેબસાઈટની વિગતોઃ ટેન્ડર ફક્ત ઈલેક્ટ્રોનિક રીતે વેબસાઈટ https://www.ireps.gov.in પર સબમિટ કરવામાં આવશે. જારીકર્તાઃ ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલ્વે ઈમેઈલઃ dycmews@bvp.railnet.gov.in

BVP 253

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## 'મન કી બાત'માં ભાવનગર વૃદ્ધાશ્રમના વડીલો ટીવી પર ઝળક્યા



'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીએ ૧૩૦ મી વાર રાષ્ટ્રને 'મન કી બાત'ના માધ્યમથી સંબોધેલ. નવા વર્ષની આ પહેલી 'મન કી બાત' કાર્યક્રમમાં ભાવનગર શહેર ભાજપ તેમજ વૃદ્ધાશ્રમના વડીલો ટીવી પર રાષ્ટ્રીય સ્તરે લાઈવ દેખાયા હતાં. મોદીજીએ દેશવાસીઓને રાષ્ટ્રીય મતદાતા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજિન્સ, પરમાણુ ઊર્જા, સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન અને બાયોટેકનોલોજી જેવા અનેક વિષયો પર દેશવાસીઓને ઉદબોધ્યા હતાં. શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં આંબાવાડી ખાતે આવેલ વૃદ્ધાશ્રમના વડીલો તેમજ જનપ્રતિનિધિઓ, પૂર્વ પ્રમુખ- મહામંત્રીઓ, વરિષ્ટ આગેવાનો અને કાર્યકર્તાઓએ વડાપ્રધાનશ્રીની ૧૩૦ મી 'મન કી બાત' શ્રવણ કરી હતી.

## અધેવાડા ચંદ્રપાર્ક- ૩માં બંધ મકાનના તાળા તૂટ્યા, ૧૫ હજાર રોકડાની ચોરી





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૨૭

ભાવનગરના અધેવાડામાં આવેલી ચંદ્રપાર્ક- ૩ સોસાયટીમાં પ્લોટ નંબર ૧૦૯ રહેતા અને અલંગમાં ક્રેઈન ભાડે આપવાનો વ્યવસાય ચલાવતા મકાન માલિક મુન્નાભાઈ યાદવ અને પરિવારજનો બે દિવસની રજા હોવાથી ઘર બંધ કરીને અલંગ ગયા હતા. દરમિયાનમાં ગત રાત્રે અજાણ્યા તસ્કરોએ મકાનના બે તાળા તોડી અને ઘરમાં પ્રવેશી અને રોકડા રૂપિયા ૧૫૦૦૦ ચોરી કરીને લઈ ગયા હતા. સદનસીબે સોના ચાંદીના આભૂષણો અન્ય સ્થળે મુકેલા હોવાથી તસ્કરોને હાથ લાગ્યા ન હતાં. આથી તે બચી ગયા હતા. બનાવની જાણ કરાતા ભરતનગર પોલીસ દોડી ગઈ હોવાનું વધુમાં જાણવા મળ્યું છે.

## વલ્લભીપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

વલ્લભીપુર ખાતે પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે નવનિર્મિત સામૂહિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વલ્લભીપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૦ બેડની આધુનિક સુવિધા સાથે ઓપરેશન થિયેટર, એક્સ-રે, લેબોરેટરી સહિતની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત ગાયનેક, પીડિયાટ્રિશિયન, ડેન્ટલ તથા ફિઝિયોથેરાપી જેવા વિભાગોના તબીબોની સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે.આ આરોગ્ય કેન્દ્રથી વલ્લભીપુર તેમજ આસપાસના ગામોના નાગરિકોને હવે સારવાર માટે દૂર જવાની જરૂર રહેશે નહીં અને સમયસર તેમજ સુલભ આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થશે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 256-2025-26 થી 262-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 256-2025-26 | પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં ફ્લેશ બટ વેલ્ડ્સનું ફેઝ્ડ એરે યુએસએફડી ટેસ્ટિંગ (PAUT). | 13,55,39,604.00 | 8,27,700.00 |
| 2 | 257-2025-26 | ભાવનગર મંડળ - Sr.DEN (સેન્ટ્રલ) ના અધિકારક્ષેત્ર હેઠળ એલસી નંબર 43, 46, 50, 51, 57, 78, 85, 86, 89, 94, 99, 101 (ઢસા-રાજુલા સેક્શન), એલસી નંબર 112X (રાજુલા-મહુવા સેક્શન), એલસી નંબર 10, 13 (રાજુલા-પીપાવાવ સેક્શન), એલસી નંબર 07 (ઢસા-જેતલસર સેક્શન), અને એલસી નંબર 29 (રાજકોટ-જેતલસર સેક્શન) પર રોડ અંડર બ્રિજ/મર્યાદિત ઊંચાઈવાળા સબવે બનાવીને 17 લેવલ ક્રોસિંગ નાબૂદ કરવા માટે ગ્રુપ વર્ક. | 1,31,60,90,546.16 | 67,30,500.00 |
| 3 | 258-2025-26 | રાજુલા-પીપાવાવ અને ઢસા-રાજુલા વિભાગમાં 87 નંબરના સ્વીચ એક્સપાન્શન જોઈન્ટ્સ (SEJ) ના રિપ્લેસમેન્ટ સાથે 1604 નંબરના વેલ્ડના મંજૂર વર્ક થ્રુ વેલ્ડ રિન્યુઅલ (TWR) સામે ટ્રેક સંબંધિત કાર્ય. | 98,47,017.00 | 1,97,000.00 |
| 4 | 259-2025-26 | DEN-W અધિકારક્ષેત્રના સંદર્ભમાં ટ્રેકનું કામ - 5 સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ પૂરું પાડવું. | 2,74,87,903.68 | 2,87,400.00 |
| 5 | 260-2025-26 | DEN - W અધિકારક્ષેત્રના સંદર્ભમાં સિવિલ વર્ક - 5 સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ પૂરું પાડવું. | 8,91,65,294.53 | 5,95,800.00 |
| 6 | 261-2025-26 | એડીઈએન પોરબંદર અધિકારક્ષેત્ર: વિવિધ વસાહતોના ક્વાર્ટર્સમાં સુધારો. | 1,55,47,305.31 | 2,27,700.00 |
| 7 | 262-2025-26 | એસએસઈ (ડબલ્યુ) ભાવનગર પરા અધિકારક્ષેત્ર હેઠળ ભાવનગર પરા ખાતે સ્ટાફ વાહનોના પાર્કિંગ માટે ડીઆરએમ ઓફિસના કમ્પાઉન્ડ વિસ્તારનું વિસ્તરણ વગેરે. | 1,06,41,455.56 | 2,03,200.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 02/02/2026 બિડિંગ બંધ થવાની તારીખ: 16/02/2026 NIT ને રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ-23/01/2026 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે

BVP 254

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly